**અગ્રતા ક્રમ:** **૦૮**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/ ૨૩૫૦

વિધાનસભા ગૃહમાં જવાબ

આપવાની તારીખ: **૨૮/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક: "રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોની ભરતી"**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ તથા તેમનો મત વિસ્તાર: શ્રી કિરીટભાઇ પટેલ (પાટણ)**

## રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોની ભરતી

*15/4/2350 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારો કેટલા છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોની સંખ્યા : |

| ટેટ-૧ | ટેટ-૨ | ટાટ (માધ્યમિક) | ટાટ (માધ્યમિક) દ્વિસ્તરીય | ટાટ (ઉચ્ચત્તર માધ્યમિક) દ્વિસ્તરીય |
|---|---|---|---|---|
| ૩૯૩૯૫ | ૨૩૫૯૫૬ | ૭૫૩૨૮ | ૨૮૩૦૭ | ૧૫૨૫૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટેટ અને ટાટ પાસ કેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવી, અને | (૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટેટ અને ટાટ પાસ ભરતી થયેલ ઉમેદવારોની સંખ્યા : |

| વર્ષ | ટેટ-૧ પાસ | ટેટ-૨ પાસ | ટાટ (માધ્યમિક) પાસ | | ટાટ (ઉચ્ચત્તર માધ્યમિક) પાસ | |
|---|---|---|---|---|---|---|
| | | | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ |
| ૨૦૨૨ | ૨૩૦૦ | ૩૩૭૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૨૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત બાકી ઉમેદવારોની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) જરૂરિયાત મુજબ ભરતી કરવામાં આવશે. |

---

## ૦૮

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૨૩૫૦**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કીરીટભાઇ સી. પટેલ (પાટણ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી મહેન્દ્રભાઇ પાડલીયા (ધોરાજી)**

---

**પ્રશ્ન–૧ વિદ્યાસહાયકની નિમણૂંક કરવા અંગેની કાર્યપદ્ધતિ શું છે તથા રાજય સરકાર દ્વારા છેલ્લે ક્યારે ભરતી કરવામાં આવી..? અને આગામી સમયમાં ભરતી અંગે શું આયોજન છે..?**

**જવાબ :(૧)**

- શિક્ષણ વિભાગ દ્વારા ખાલી જગ્યાઓ ભરવાની મંજુરી મળ્યેથી સૌપ્રથમ જિલ્લા કક્ષાએથી ખાલી જગ્યાઓ મેળવી મંજુર થયેલ જગ્યાઓને ધ્યાને લઈ જિલ્લાવાર સપ્રમાણ ભરવાની થતી જગ્યાઓની ફાળવણી કરવામાં આવે છે.
- ત્યાર બાદ, માંગણાપત્રક મેળવી કેટેગરીવાર જગ્યાઓ નિયત થયા બાદ વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે.
- ત્યારબાદ, ઓનલાઈન વેબપોર્ટલના માધ્યમથી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.
- મળેલ અરજીઓનાં આધારે સૌપ્રથમ કામચલાઉ મેરીટ યાદી ઓનલાઈન વેબપોર્ટલ પર પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- કામચલાઉ મેરીટ યાદીનાં સંદર્ભે મળેલ વાંધા અરજીઓની ચકાસણી પ્રક્રિયા હાથ ધર્યા બાદ અંતિમ મેરીટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- મેરીટમાં આવતા ઉમેદવારોને ઓનલાઈન વેબપોર્ટલના માધ્યમથી કોલ લેટર આપી જિલ્લા પસંદગી તેમજ ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે રૂબરૂ બોલાવવામાં આવે છે.
- તમામ જગ્યાઓ પર જિલ્લા પસંદગી થયા બાદ જિલ્લા કક્ષાએ મેરીટ આધારીત શાળા પસંદગી અને નિમણૂંક હુકમ આપવામાં આવે છે.
- વિદ્યા સહાયકોની નિમણૂંક અંગેની કાર્યવાહી વર્ષ ૨૦૧૦થી ઓનલાઈન વેબપોર્ટલનાં માધ્યમથી સુચારૂ રૂપે તેમજ સંપૂર્ણ પારદર્શિતાથી હાથ ધરવામાં આવે છે.

**જવાબઃ– (૨)**

રાજ્ય સરકાર દ્વારા તા.૧૪/૦૯/૨૦૨૨નાં પત્રથી આપવામાં આવેલ મંજુરી અંતર્ગત કુલ ૨૬૦૦ વિદ્યાસહાયકોની જગ્યાઓ ભરવા જાહેરાત ઓક્ટોબર–૨૦૨૨માં આપવામાં આવેલ. જેમાં **શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ–૧, ધોરણ–૧ થી ૫ )** ઉતીર્ણ થયેલ ઉમેદવારો માટે ધોરણ ૧ થી ૫ ની ૧૦૦૦ જગ્યાઓ તેમજ શિક્ષક યોગ્યતા કસોટી **(ટેટ–૨**, **ધોરણ–૬ થી ૮ )**) ઉતીર્ણ થયેલ ઉમેદવારો માટે ધોરણ ૬ થી ૮ની ૧૬૦૦ જગ્યાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત પ્રતિક્ષા યાદી સહિત વિદ્યાસહાયકની ભરતી પ્રક્રિયાની કાર્યવાહી **ડિસેમ્બર ૨૦૨૩ માં પૂર્ણ કરવામાં આવેલ છે.** જેમાં ૨૪૩૦ વિદ્યાસહાયકોને નિમણૂંક આપવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા **૨૭૫૦ વિદ્યાસહાયકની ભરતી અંગે મંજુરી આપવામાં આવેલ છે.**જે અંતર્ગત આગામી સમયમાં ૨૭૫૦ વિદ્યાસહાયકની **ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.**

,

**૦૮**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૨૩૫૦**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કીરીટભાઈ સી. પટેલ (પાટણ)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર)**

---

**પ્રશ્ન–૨ શિક્ષક યોગ્યતા કસોટી ટેટ–૧ અને ટેટ–૨ અત્યાર સુધી કેટલીવાર યોજાઈ અને ત્યાર બાદ કેટલી ભરતી કરવામાં આવી ? અને સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલાં શિક્ષક અભિયોગ્યતા કસોટી TAT (ટાટ) પાસ કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવી?**

**જવાબ:–૧**

| ટેટ–૧ પરીક્ષાનું વર્ષ | ટેટ–૧ પરીક્ષામાં ઉતિર્ણ થયેલ ઉમેદવાર | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૨૦૧૨ | ૪૦૨૯ | ૧૯૫૧ |
| ૨૦૧૪ | ૧૦૮૧૫ | ૧૯૭૭ |
| ૨૦૧૫ | ૧૫૪૪૧ | ૧૪૬૯ |
| ૨૦૧૮ | ૬૩૪૧ | ૨૪૯૨ |
| ૨૦૨૩ | ૨૭૬૯ | – |
| **કુલ** | **૩૯૩૯૫** | **૭૮૮૯** |

| ટેટ–૨ પરીક્ષાનું વર્ષ | ટેટ–૨ પરીક્ષામાં ઉતિર્ણ થયેલ ઉમેદવાર | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| – | – | ૯૯૫૦ |
| ૨૦૧૧ | ૩૬૧૨૬ | ૧૧૬૮૯ |
| ૨૦૧૨ | ૬૧૩૭ | ૭૧૯૮ |
| ૨૦૧૩ | ૪૪૮૦૪ | ૪૬૪૯ |
| ૨૦૧૪ | ૨૧૧૫૮ | ૩૪૨૮ |
| ૨૦૧૫ | ૩૯૫૨૬ | ૭૧૬૦ |
| ૨૦૧૭ | ૫૦૭૫૫ | ૬૮૩૮ |
| ૨૦૨૩ | ૩૭૪૫૦ | ૧૨૭૧૦ (જ્ઞાનસહાયક) |
| **કુલ** | **૧૯૮૫૦૬** | **૫૦૯૧૨ + ૧૨૭૧૦** |

**જવાબ–૨**

| સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં થયેલ શિક્ષકોની ભરતીની વિગત | | |
|---|---|---|
| **ક્રમ** | **ભરતી કર્યાનું વર્ષ** | **ભરતી કરેલ ઉમેદવારોની સંખ્યા** |
| ૧ | ૨૦૧૩ | ૧૧૨૯ |
| ૨ | ૨૦૧૪ | ૭૪૨ |
| ૩ | ૨૦૧૬ | ૪૦૬૩ |
| ૪ | ૨૦૧૭ | ૧૫૧૧ |
| ૫ | ૨૦૧૯ | ૧૮૩૮ |
| ૬ | ૨૦૨૧ | ૫૯૪૬ |
| **TOTAL** | | ૧૫૨૨૯ |

આમ, વર્ષ ૨૦૧૩ થી વર્ષ ૨૦૨૧ સુધીમાં ટાટ પાસ કુલ ૧૫૨૨૯ ઉમેદવારોની ભરતી કરવામાં આવેલ છે.

# પૂરક પ્રશ્નો

## પ્રશ્ન–૧ શિક્ષણસહાયકની નિમણૂંક કરવા અંગેની કાર્યપદ્ધતિ શું છે?

જવાબ :

- રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨, તા.૧૫/૧૧/૨૦૧૯ તથા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ અને તેમાં થયેલ વખતોવખતના સુધારા ધ્યાને લઈ જિલ્લા કક્ષાએથી વિષયવાર, કેટેગરીવાર ખાલી જગ્યા મંગાવી શિક્ષકોની કેન્દ્રીયકૃત રીતે ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે.
- સદર ભરતી પ્રક્રીયાના અનુસંધાને રાજ્યકક્ષાની શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ દ્વારા સોફ્ટવેર તૈયાર કરી, તેની મદદથી ઓનલાઈન અરજીપત્રક મંગાવવામાં આવે છે. જિલ્લા કક્ષાએથી રજુ થયેલ ખાલી જગ્યાને આધારે યોગ્યતાનુસાર ઓનલાઈન મેરીટ જાહેર કરવામાં આવે છે. પસંદગી પામેલ ઉમેદવારોને ઓનલાઈન જીલ્લા/શાળા પસંદગી આપવામાં આવે છે અને ઉમેદવારોના મેરીટ ક્રમ પ્રેફરેન્સના ધોરણે ટેકનોલોજીના માધ્યમથી ખૂબજ સરળ અને સંપૂર્ણ પારદર્શકતાથી ભરતી પ્રક્રીયા પુર્ણ કરવામાં આવે છે.
- વધુમાં, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે સરકારશ્રીના “Minimum Government - Maximum Governance” અભિગમથી સમગ્ર રાજ્યમાં એકસુત્રતા જળવાય તેમજ ઓછામાં ઓછા મેનપાવરથી કામગીરી થઈ શકે તે હેતુથી ઉમેદવારોને ફાળવેલ શાળાના સબંધીત જિલ્લા શિક્ષણાધિકારીના લોગ–ઈનમાં જ ઓનલાઈન ભલામણપત્ર અને નિમણૂંક હુકમ જનરેટ કરવામાં આવે છે. જેમાં સબંધીત જિલ્લા શિક્ષણાધિકારી અને શાળા મંડળે ફક્ત સહિ કરી,ઉમેદવારોને આપવાના રહે છે અને ઉમેદવારોએ જિલ્લા કક્ષાએથી ભલામણપત્ર અને નિમણૂંક હુકમો મેળવી સીધું ફાળવેલ શાળામાં હાજર થવાનું જ રહે છે.
- આમ, આ ભરતી પ્રક્રીયા સંપૂર્ણ ફેસલેસ, પેપરલેસ અને ઓનલાઈન માધ્યમથી સરકારશ્રીના “પારદર્શક વહીવટ” નું ઉત્તમ ઉદાહરણ પુરું પાડતી ભરતી પ્રક્રીયા છે.

**પ્રશ્ન–૨ રાજ્યમાં આવેલ સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં છેલ્લે ક્યારે અને કેટલી ભરતી કરવામાં આવી ?**

જવાબ :

- રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રિયા શિક્ષણ વિભાગના **તા.૧૫/૧૧/૨૦૧૯** તથા **તા.૧૧/૦૨/૨૦૧૧**ના જાહેરનામાની જોગવાઈઓ અને વખતોવખત થયેલ સુધારા અન્વયે જિલ્લા કક્ષાએથી શિક્ષકોની ખાલી જગ્યાઓ મંગાવી, રજુ થયેલ ખાલી જગ્યાઓ પર શિક્ષકોની કેન્દ્રીયકૃત રીતે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે અને તેમાં મેરીટ કમ પ્રેફરન્સના આધારે ભરતી કરવામાં આવે છે.

  રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નિયમિત ભરતી છેલ્લે વર્ષ-**૨૦૧૯** માં સરકારી માધ્યમિક શાળાઓમાં **૧૨૮૩** અને સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં **૫૫૫** એમ કુલ **૧૮૩૮** શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ **૨૦૨૧** માં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં **૨૭૧૪** અને ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં **૨૯૩૮** શાળાઓમાં એમ કુલ **૫૬૫૨** શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવેલ છે.

પ્રશ્ન–૩ છેલ્લે વર્ષ ૨૦૨૩ માં લેવાયેલ ટેટ અને ટાટ પરીક્ષા બાદ કેટલા ઉમેદવારોને કરાર આધારિત જ્ઞાનસહાયક તરીકે નિમણૂંક આપવામાં આવી?

જવાબ:– પ્રાથમિક વિભાગ

| વર્ષ ૨૦૨૩ માં ટેટ–૨ (Teacher Eligibility Test) (શિક્ષક યોગ્યતા કસોટી) પાસ થયેલ ઉમેદવારોની સંખ્યા | જ્ઞાનસહાયક તરીકે નિમણૂંક મેળવેલ ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| **૩૭૪૫૦** | **૧૨૭૧૦** |

માધ્યમિક વિભાગ

| વર્ષ ૨૦૨૩ માં ટાટ (માધ્યમિક)(Teacher Aptitude Test) (શિક્ષક અભિયોગ્યતા કસોટી) પાસ થયેલ ઉમેદવારોની સંખ્યા | જ્ઞાનસહાયક તરીકે નિમણૂંક મેળવેલ ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| **૨૮૩૦૭** | **૫૨૭૭** |

ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ

| વર્ષ ૨૦૨૩ માં ટાટ (ઉચ્ચત્તર માધ્યમિક) (Teacher Aptitude Test) (શિક્ષક અભિયોગ્યતા કસોટી) પાસ થયેલ ઉમેદવારોની સંખ્યા | જ્ઞાનસહાયક તરીકે નિમણૂંક મેળવેલ ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| **૧૫૨૫૩** | **૩૦૭૧** |

**પ્રશ્ન : ૪ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર જ્ઞાન સહાયક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની કેટલી ભરતી કરવામાં આવી?**

**જવાબ:-**

| જ્ઞાન સહાયકોની જિલ્લાવાર ભરતીની વિગતો દર્શાવતું પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | વર્ષ | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે પૈકી કેટલી જગ્યાઓમાં જ્ઞાનસહાયકની ભરતી કરવામાં આવી? | | | | | |
| | (જાન્યુઆરીથી ડિસેમ્બર) | સરકારી | | | બિનસરકારી અનુદાનિત | | |
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | કુલ | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | કુલ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૫ | ૦ | ૫ | ૧૯૫ | ૦ | ૧૯૫ |
| | **કુલ** | **૫** | **૦** | **૫** | **૧૯૫** | **૦** | **૧૯૫** |
| અમદાવાદ શહેર | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૧ | ૦ | ૧ | ૧૬૬ | ૦ | ૧૬૬ |
| | **કુલ** | **૧** | **૦** | **૧** | **૧૬૬** | **૦** | **૧૬૬** |
| અમરેલી | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૪૧ | ૦ | ૪૧ | ૫૫ | ૦ | ૫૫ |
| | **કુલ** | **૪૧** | **૦** | **૪૧** | **૫૫** | **૦** | **૫૫** |
| આણંદ | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૯૦ | ૦ | ૯૦ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૯૦** | **૦** | **૯૦** |
| અરવલ્લી | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૬ | ૦ | ૬ | ૧૮૯ | ૦ | ૧૮૯ |
| | **કુલ** | **૬** | **૦** | **૬** | **૧૮૯** | **૦** | **૧૮૯** |
| બનાસકાંઠા | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૭૦ | ૦ | ૭૦ | ૧૭૧ | ૦ | ૧૭૧ |
| | **કુલ** | **૭૦** | **૦** | **૭૦** | **૧૭૧** | **૦** | **૧૭૧** |
| ભરૂચ | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૨ | ૦ | ૨ | ૮૮ | ૦ | ૮૮ |
| | **કુલ** | **૨** | **૦** | **૨** | **૮૮** | **૦** | **૮૮** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ભાવનગર** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૬૫ | ૦ | ૬૫ | ૭૩ | ૦ | ૭૩ |
| | **કુલ** | **૬૫** | **૦** | **૬૫** | **૭૩** | **૦** | **૭૩** |
| **બોટાદ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૪૫ | ૦ | ૪૫ | ૧૬ | ૦ | ૧૬ |
| | **કુલ** | **૪૫** | **૦** | **૪૫** | **૧૬** | **૦** | **૧૬** |
| **છોટા ઉદેપુર** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૧૩ | ૦ | ૧૩ | ૩૧ | ૦ | ૩૧ |
| | **કુલ** | **૧૩** | **૦** | **૧૩** | **૩૧** | **૦** | **૩૧** |
| **દાહોદ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૨૬ | ૦ | ૨૬ | ૧૬૯ | ૦ | ૧૬૯ |
| | **કુલ** | **૨૬** | **૦** | **૨૬** | **૧૬૯** | **૦** | **૧૬૯** |
| **ડાંગ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૧૦ | ૦ | ૧૦ | ૧૫ | ૦ | ૧૫ |
| | **કુલ** | **૧૦** | **૦** | **૧૦** | **૧૫** | **૦** | **૧૫** |
| **દેવભૂમિ દ્વારકા** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૩૫ | ૦ | ૩૫ | ૩૭ | ૦ | ૩૭ |
| | **કુલ** | **૩૫** | **૦** | **૩૫** | **૩૭** | **૦** | **૩૭** |
| **ગાંધીનગર** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૧૦૨ | ૦ | ૧૦૨ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૧૦૨** | **૦** | **૧૦૨** |
| **ગીર સોમનાથ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૧૨ | ૦ | ૧૨ | ૭૩ | ૦ | ૭૩ |
| | **કુલ** | **૧૨** | **૦** | **૧૨** | **૭૩** | **૦** | **૭૩** |
| **જામનગર** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૨૧ | ૦ | ૨૧ | ૭૫ | ૦ | ૭૫ |
| | **કુલ** | **૨૧** | **૦** | **૨૧** | **૭૫** | **૦** | **૭૫** |
| **જૂનાગઢ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૨ | ૦ | ૨ | ૧૯૫ | ૦ | ૧૯૫ |
| | **કુલ** | **૨** | **૦** | **૨** | **૧૯૫** | **૦** | **૧૯૫** |
| **ખેડા** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૨૦૧ | ૦ | ૨૦૧ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૨૦૧** | **૦** | **૨૦૧** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **કચ્છ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૬૩ | ૦ | ૬૩ |
| | **કુલ** | **૧૫૦** | **૦** | **૧૫૦** | **૬૩** | **૦** | **૬૩** |
| **મહિસાગર** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૧૨ | ૦ | ૧૨ | ૧૪૦ | ૦ | ૧૪૦ |
| | **કુલ** | **૧૨** | **૦** | **૧૨** | **૧૪૦** | **૦** | **૧૪૦** |
| **મહેસાણા** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૨ | ૦ | ૨ | ૧૩૩ | ૦ | ૧૩૩ |
| | **કુલ** | **૨** | **૦** | **૨** | **૧૩૩** | **૦** | **૧૩૩** |
| **મોરબી** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૯ | ૦ | ૯ | ૫૭ | ૦ | ૫૭ |
| | **કુલ** | **૯** | **૦** | **૯** | **૫૭** | **૦** | **૫૭** |
| **નર્મદા** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૧૯ | ૦ | ૧૯ | ૩૧ | ૦ | ૩૧ |
| | **કુલ** | **૧૯** | **૦** | **૧૯** | **૩૧** | **૦** | **૩૧** |
| **નવસારી** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૪૧ | ૦ | ૪૧ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૪૧** | **૦** | **૪૧** |
| **પંચમહાલ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૨૭ | ૦ | ૨૭ | ૧૮૨ | ૦ | ૧૮૨ |
| | **કુલ** | **૨૭** | **૦** | **૨૭** | **૧૮૨** | **૦** | **૧૮૨** |
| **પાટણ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૯ | ૦ | ૯ | ૧૦૨ | ૦ | ૧૦૨ |
| | **કુલ** | **૯** | **૦** | **૯** | **૧૦૨** | **૦** | **૧૦૨** |
| **પોરબંદર** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૭ | ૦ | ૭ | ૨૬ | ૦ | ૨૬ |
| | **કુલ** | **૭** | **૦** | **૭** | **૨૬** | **૦** | **૨૬** |
| **રાજકોટ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૨ | ૦ | ૨ | ૧૬૨ | ૦ | ૧૬૨ |
| | **કુલ** | **૨** | **૦** | **૨** | **૧૬૨** | **૦** | **૧૬૨** |
| **સાબરકાંઠા** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૧ | ૦ | ૧ | ૧૫૨ | ૦ | ૧૫૨ |
| | **કુલ** | **૧** | **૦** | **૧** | **૧૫૨** | **૦** | **૧૫૨** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **સુરત** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૩ | ૦ | ૩ | ૯૭ | ૦ | ૯૭ |
| | **કુલ** | **૩** | **૦** | **૩** | **૯૭** | **૦** | **૯૭** |
| **સુરેન્દ્રનગર** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૫૮ | ૦ | ૫૮ | ૧૦૫ | ૦ | ૧૦૫ |
| | **કુલ** | **૫૮** | **૦** | **૫૮** | **૧૦૫** | **૦** | **૧૦૫** |
| **તાપી** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૪ | ૦ | ૪ | ૩૫ | ૦ | ૩૫ |
| | **કુલ** | **૪** | **૦** | **૪** | **૩૫** | **૦** | **૩૫** |
| **વડોદરા** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૧૦૯ | ૦ | ૧૦૯ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૧૦૯** | **૦** | **૧૦૯** |
| **વલસાડ** | ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩ | ૧૪ | ૦ | ૧૪ | ૯૧ | ૦ | ૯૧ |
| | **કુલ** | **૧૪** | **૦** | **૧૪** | **૯૧** | **૦** | **૯૧** |
| **કુલ** | **૨૦૨૨** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** |
| | **૨૦૨૩** | **૬૭૧** | **૦** | **૬૭૧** | **૩૪૬૭** | **૦** | **૩૪૬૭** |
| | **કુલ** | **૬૭૧** | **૦** | **૬૭૧** | **૩૪૬૭** | **૦** | **૩૪૬૭** |

**પ્રશ્ન:-૫ NEP અંતગર્ત શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT) માં કોઈ ફેરફાર કરવામાં આવેલ છે કે કેમ? અને જો ફેરફાર કરવામાં આવેલ હોય તો ક્યારે કરવામાં આવ્યો?**

**જવાબ:-**

હા, **NEP અંતગર્ત શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ છે.**

NEP-૨૦૨૦ અંતગર્ત શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં શિક્ષણ વિભાગનાં તા. ૨૯/૦૪/૨૦૨૩ના ઠરાવથી ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે 'શિક્ષક અભિરૂચિ કસોટી' (Teacher Aptitude Test-TAT) અમલમાં આવેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)૨૦૨૦માં વિદ્યાર્થીઓને ૨૧ મી સદીના કૌશલ્યો જેવાં કે કમ્યુનિકેશન, ક્રિટિકલ થિંકિંગ, પ્રોબ્લેમ સોલવિંગ વગેરે શીખવવાની ભલામણ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્યો (Vocational Skills) શીખવવાની ભલામણ કરવામાં આવેલી છે. આ માટે વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકો પણ આવા કૌશલ્યોથી સજ્જ હોય તે આવશ્યક છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ભવિષ્યમાં એવા શિક્ષકોની જરૂર પડશે કે જેઓ સાક્ષરી વિષયો ઉપરાંત આંતર શાખાકીય અને બહુ શાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi-Disciplinary Skill Set) ધરાવતા હોય. એટલે કે વિજ્ઞાનના સ્નાતક પાસે સાહિત્યનું જ્ઞાન હોય, વાણિજ્યના સ્નાતક પાસે વિજ્ઞાનનું જ્ઞાન હોય, વિનયનના સ્નાતક પાસે વાણિજ્યનું જ્ઞાન હોય તેવા શિક્ષકોની જરૂરીયાત ઉપસ્થિત થશે.

આવા શિક્ષકો પોતાના સાક્ષરી વિષયોની તજજ્ઞતાની સાથે સાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં જરૂરી એવા કોમ્પ્યુટર, વ્યાવસાયિક શિક્ષણ, ચિત્ર, સંગીત, કલા, ખેલકૂદ વગેરે જેવા કૌશલ્યો પણ શીખવવા સક્ષમ હોવા જોઈએ. સતત બદલાતા જતાં શૈક્ષણિક વિશ્વમાં આગામી સમયમાં શિક્ષકોએ પણ સતત નવું જાણવાની અને શીખવાની આવશ્યકતા છે, સાથે સાથે બદલાતા પરિપ્રેક્ષ્યમાં આવનારા સમયમાં શાળાઓમાં શીખવવાના થતાં વિષયો અને વિષયવસ્તુમાં થનારા ફેરફારોને પહોંચી વળવા વિદ્યાર્થીઓ તથા શિક્ષણના હિતમાં શિક્ષકોની નિમણૂકની એવી વ્યવસ્થા કરવી જરૂરી છે કે જે ડાયનેમિક હોય જેમાં

વિદ્યાર્થીઓના હિતમાં જરૂરિયાત મુજબ જે તે સમયે ત્વરિત ફેરફાર કરી શકાય અને જરૂરિયાત સંતોષી શકાય.

આવી જરૂરિયાતોને સમજીને અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ (NEP)ની બાબતોને ધ્યાને લઈને ગુજરાત સરકાર દ્વારા રાજ્યની સરકારી શાળાઓ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તામાં વધારો કરવા માટે 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ' પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે. ગુજરાત રાજ્યની સરકારી શાળાઓ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે હેતુસર 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ' પ્રોજેક્ટ અંતર્ગત પસંદ થયેલ શાળાઓમાં 'ધોરણ દીઠ વર્ગખંડ અને ધોરણ દીઠ શિક્ષકની ઉપલબ્ધતા' સુનિશ્ચિત કરવાનું લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવેલ છે. 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ' પ્રોજેક્ટની અમલવારી અર્થે પ્રોજેક્ટમાં નિયત કરેલ લક્ષ્યાંકો હાંસલ કરવાના થાય છે. આ પ્રોજેક્ટ અત્યારે શાળાકીય શિક્ષણમાં આમૂલ પરિવર્તનના તબક્કે છે. જે માટે આ પ્રોજેક્ટમાં સમાવિષ્ટ શાળાઓમાં વૈશ્વિક કક્ષાનું ભૌતિક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થઈ રહ્યું છે અને ધોરણદીઠ વર્ગખંડ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યા છે. આ સુવિધાઓનો યોગ્ય અને અસરકારક ઉપયોગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વધારવામાં થાય તે માટે સમયસર ધોરણ દીઠ શિક્ષકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા NEP અંતર્ગત શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT) માં ફેરફાર કરવામાં આવેલ છે.

**પ્રશ્ન:-૬ સમગ્ર રાજ્યમાં હાલની સ્થિતિએ સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલા જ્ઞાનસહાયકોની ભરતી કરવામાં આવી અને ત્યારબાદ કેટલી ખાલી જગ્યાઓ રહેલ છે?**

**જવાબ:-**

| **ક્રમ** | **વિભાગ** | **કેટલા જ્ઞાનસહાયકની ભરતી કરવામાં આવી** | **કેટલી જગ્યાઓ ખાલી રહેલ છે** |
|---|---|---|---|
| ૧ | સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક | ૫૨૭૭ | ૭૧૨ |
| ૨ | સરકારી અને બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક | ૩૦૭૧ | ૩૭૬૮ |
| **કુલ** | | **૮૩૪૮** | **૪૪૮૦** |

# **સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓની વિગત**

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| 1 | મંજૂર મહેકમ (તાઃ- ૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ) | 192043 |
| 2 | કામ કરતાં શિક્ષકો | 171817 |
| 3 | 31.10.2023 (નિવૃત્તિ) | 2005 |
| 4 | કુલ ખાલી જગ્યાઓ | 22231 |
| 5 | જ્ઞાન સહાયક યોજના અંતર્ગત આપવામાં આવેલ નિમણૂક | 12710 |
| 6 | જ્ઞાન સહાયકની નિમણૂક આપ્યા બાદ ખાલી જગ્યાઓ | 9521 |

**નોંધઃ-** **આમ ઉપરોકત વિગતો જોતા પ્રાથમિક વિભાગમાં ૯૫.૦૪ ટકા જગ્યાઓ હાલની સ્થિતિએ ભરાયેલ છે.**

| સરકારી અને બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પ્રકાર | માધ્યમિક શિક્ષકો | | | ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો | | |
| | | મંજુર | ભરાયેલ | ખાલી | મંજુર | ભરાયેલ | ખાલી |
| ૧ | સરકારી | 4075 | 3245 | 830 | 2550 | 1378 | 1172 |
| ૨ | બિનસરકારી | 27794 | 22635 | 5159 | 21183 | 15516 | 5667 |
| કુલ | | 31869 | 25880 | 5989 | 23733 | 16894 | 6839 |

| સરકારી અને બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્ઞાનસહાયકોની ભરતી બાદ રહેતી ખાલી જગ્યાઓની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | માધ્યમિક શિક્ષકો | | | ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો | | |
| | કુલ ખાલી જગ્યા | જ્ઞાનસહાયકો થી ભરાયેલ | ત્યારબાદ ખાલી રહેતી જગ્યાઓ | કુલ ખાલી જગ્યા | જ્ઞાનસહાયકો થી ભરાયેલ | ત્યારબાદ ખાલી રહેતી જગ્યાઓ |
| સરકારી અને બિનસરકારી અનુદાનિત શાળાઓ | 5989 | 5277 | 712 | 6839 | 3071 | 3768 |

આમ ઉપરોક્ત વિગતો જોતાં માધ્યમિક વિભાગમાં ૯૭.૭૬% જગ્યાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ૮૪.૧૨% જગ્યાઓ હાલની પરિસ્થિતિએ ભરાયેલ છે.

## પ્રાથમિક શાળાઓમાં ભરતીની વિગત(વધારાની પૂરક માહિતી)

- પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાસહાયકની નિમણૂક અર્થે ઓક્ટોબર–૨૦૨૨ માં ૨૬૦૦ વિદ્યાસહાયકની ભરતી અંગેની જાહેરાત આપવામાં આવેલ હતી. આ દરમ્યાન પ્રાથમિક શાળાઓના શિક્ષકોની બદલી કેમ્પ અંગેની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવેલ અને તે પૂર્ણ થયા બાદ વિદ્યાસહાયક ભરતીની કાર્યવાહી જુલાઇ–૨૦૨૩ થી હાથ ધરવામાં આવેલ. જેની પ્રતિક્ષા યાદી સહિતની ભરતીની કાર્યવાહી ડિસેમ્બર–૨૦૨૩ માં પૂર્ણ થયેલ છે.
- સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ ઉભો ન થાય તે હેતુથી તાત્કાલિક અને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે વર્ષઃ– ૨૦૨૩ માં લેવાયેલ ટેટ પરીક્ષામાં ઉતીર્ણ ઉમેદવારો પૈકી ૧૨૭૧૦ જેટલા ઉમેદવારોને ૨૧,૦૦૦/– ઉચ્ચક માનદ વેતનથી જ્ઞાનસહાયક તરીકે કરાર આધારિત નિમણૂક આપવામાં આવેલ છે.

# પ્રવાસી યોજના અને જ્ઞાનસહાયક યોજના

| ક્રમ | વિગત | જુની પ્રવાસી યોજના | જ્ઞાનસહાયક યોજના |
|---|---|---|---|
| ૧ | યોજનાની શરૂઆત | રાજય સરકાર દ્વારા વર્ષઃ– ૨૦૧૫ થી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષક યોજના અમલમાં મુકવામાં આવેલ હતી | રાજય સરકાર દ્વારા વર્ષ– ૨૦૨૩ માં જુની પ્રવાસી શિક્ષક યોજનાના સ્થાને જ્ઞાનસહાયક યોજના અમલમાં મુકવામાં આવેલ છે.. |
| ૨ | માનદવેતન | તાસદીઠ મહેનતાણાં મુજબ માનદવેતન ૭,૫૦૦/– થી વધે નહી તે રીતે માનદવેતન ચુકવવામાં આવતુ હતું. | જુની પ્રવાસી યોજનામાં પ્રવાસી શિક્ષકને આપવામાં આવતા માનદ વેતનમાં વધારો કરી જ્ઞાનસહાયક યોજનામાં ૨૧,૦૦૦/– ની મર્યાદામાં માનદવેતન ચુકવવામાં આવે છે. |
| ૩ | લાયકાત | પ્રવાસી શિક્ષક તરીકે નિમણૂક પામવાની લાયકાત માત્ર સ્નાતક નક્કી કરવામાં આવેલ હતી. | સ્નાતક અને નિયત લાયકાત ધરાવતા તથા ટેટ પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોને તેઓના મેરીટના ધોરણે નિમણૂક આપવામાં આવે છે. |
| ૪ | નિમણૂકની પધ્ધતિ | પ્રવાસી શિક્ષક યોજનામાં શાળા/ શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા પોતાની રીતે જ નિયુક્તિ કરવામાં આવતી હતી | જ્ઞાનસહાયક યોજનામાં ઓનલાઈન પોર્ટલ મારફતે ઉમેદવાર પોતે જ પોતાની પસંદગીની શાળા પસંદ કરી મેરીટના આધારે પસંદગીની શાળામાં નિયુક્તિ આપવામાં આવે છે. જેથી મેરીટ ધરાવનાર ઉમેદવારને અન્યાય થવાની સંભાવના નહિવત છે |

# <u>વધારાની પૂરક માહિતી</u>

- રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રિયા શિક્ષણ વિભાગના **તા.૧૫/૧૧/૨૦૧૯** તથા **તા.૧૧/૦૨/૨૦૧૧**ના જાહેરનામાની જોગવાઈઓ અને વખતોવખત થયેલ સુધારા અન્વયે જિલ્લા કક્ષાએથી શિક્ષકોની ખાલી જગ્યાઓ મંગાવી, રજુ થયેલ ખાલી જગ્યાઓ પર શિક્ષકોની કેન્દ્રીયકૃત રીતે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે અને તેમાં મેરીટ કમ પ્રેફરન્સના આધારે ભરતી કરવામાં આવે છે.
- રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નિયમિત ભરતી છેલ્લે વર્ષ-**૨૦૧૯** માં સરકારી માધ્યમિક શાળાઓમાં **૧૨૮૩** અને સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં **૫૫૫** એમ કુલ **૧૮૩૮** શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ **૨૦૨૧** માં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં **૨૭૧૪** અને ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં **૨૯૩૮** શાળાઓમાં એમ કુલ **૫૬૫૨** શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવેલ છે.
- રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખાલી રહેલ જગ્યાઓ પર કાયમી ભરતી ના થાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: બમશ–૧૦૧૪–૧૪૦–ગ (પા.ફા.) **તા.૧૦/૦૭/૨૦૨૩** થી જ્ઞાન સહાયક યોજના અમલમાં મુકવામાં આવેલ છે. સદર ઠરાવને ધ્યાને લઈ સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમગ્ર શિક્ષા કચેરી દ્વારા તૈયાર કરેલ પોર્ટલ પર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી પાસેથી ખાલી જગ્યાઓની માહિતી મંગાવવામાં આવે છે. આ ખાલી જગ્યાઓના આધારે સમગ્ર શિક્ષા કચેરી દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.
- જે અન્વયે રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં નવેમ્બર–૨૦૨૩ થી જ્ઞાનસહાયક ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી. જેમાં પ્રથમ તબક્કામાં <u>**૪૧૩૮**</u> જ્ઞાનસહાયકોની નવેમ્બર–૨૦૨૩માં અને રાજ્યની સરકારી અને બિનસરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રથમ તબક્કામાં <u>**૩૦૭૧**</u> જ્ઞાનસહાયકોની જાન્યુઆરી–૨૦૨૪માં ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેલ છે.

- હાલમાં સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં **૧૧૩૯** જ્ઞાનસહાયકોની ફાળવણીની બીજા તબક્કાની કામગીરી પૂર્ણ થયેલ છે તથા સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્ઞાનસહાયકોની ફાળવણી અંગેની બીજા તબક્કાની કામગીરી હાલ કાર્યરત છે.

| **જાન્યુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ જ્ઞાન સહાયકોની ભરતીની વિગત (ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ)** | | |
|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **ભરતી થયેલ જ્ઞાનસહાયકો** |
| ૧ | અમદાવાદ શહેર | ૨૩૨ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૧૮૯ |
| ૩ | અમરેલી | ૫૭ |
| ૪ | આણંદ | ૬૮ |
| ૫ | અરવલ્લી | ૯૩ |
| ૬ | બનાસકાંઠા | ૧૯૬ |
| ૭ | ભરૂચ | ૬૩ |
| ૮ | ભાવનગર | ૧૦૮ |
| ૯ | બોટાદ | ૨૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૫૩ |
| ૧૧ | દાહોદ | ૮૨ |
| ૧૨ | ડાંગ | ૩૮ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૩૩ |
| ૧૪ | ગાંધીનગર | ૯૧ |
| ૧૫ | ગીર સોમનાથ | ૬૨ |
| ૧૬ | જામનગર | ૫૩ |
| ૧૭ | જૂનાગઢ | ૩૭ |
| ૧૮ | ખેડા | ૧૫૨ |
| ૧૯ | કચ્છ | ૧૬૦ |
| ૨૦ | મહેસાણા | ૧૧૯ |
| ૨૧ | મહિસાગર | ૭૪ |
| ૨૨ | મોરબી | ૨૭ |
| ૨૩ | નર્મદા | ૩૯ |
| ૨૪ | નવસારી | ૧૩૫ |
| ૨૫ | પંચમહાલ | ૧૦૬ |
| ૨૬ | પાટણ | ૭૯ |
| ૨૭ | પોરબંદર | ૩૦ |

| | | |
|---|---|---|
| ૨૮ | રાજકોટ | ૧૧૧ |
| ૨૯ | સાબરકાંઠા | ૯૭ |
| ૩૦ | સુરત | ૧૫૧ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૪૮ |
| ૩૨ | તાપી | ૪૮ |
| ૩૩ | વડોદરા | ૧૦૨ |
| ૩૪ | વલસાડ | ૧૧૮ |
| **Total** | | **૩૦૭૧** |